8/4/24

# વ્યાકરણ - શબ્દકોશક્રમ

* શબ્દોને પ્રથમ બારાક્ષરીના ક્રમમાં અને પછી કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવે છે.

બારાક્ષરીનો ક્રમ - અ, અં, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ.

કક્કાનો ક્રમ (શબ્દકોશ પ્રમાણે) -

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક | ક્ષ | ખ | ગ | ઘ | ચ | છ | જ |
| જ્ઞ | ઝ | ટ | ઠ | ડ | ઢ | ત | ત્ર |
| થ | દ | ધ | ન | પ | ફ | બ | ભ |
| મ | ય | ર | લ | વ | શ | શ્ર | ષ |
| સ | હ | | | | | | |

(2) શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ' થી શરૂ થતા અને છેલ્લે 'હ' થી શરૂ થતા શબ્દો આવે છે.

* 'ઙ', 'ળ', 'ણ', 'ઞ' થી શરૂ થતા શબ્દો ન હોવાથી તેનો શબ્દકોશમાં સમાવેશ થતો નથી.

* જોડાક્ષરો (Right)

ક્ + ષ = ક્ષ - 'ક્ષ' થી શરૂ થતાં શબ્દો 'ક'ની શ્રેણીમાં આવે છે.

જ્ + ઞ = જ્ઞ - 'જ્ઞ' થી શરૂ થતાં શબ્દો 'જ'ની શ્રેણીમાં આવે છે.

ત્ + ર = ત્ર - 'ત્ર' થી શરૂ થતાં શબ્દો 'ત'ની શ્રેણીમાં આવે છે.

શ્ + ર = શ્ર - 'શ્ર' થી શરૂ થતાં શબ્દો 'શ'ની શ્રેણીમાં આવે છે.

(3) 'ક' થી 'હ' સુધી અક્ષરોને બારાક્ષરીના ક્રમમાં ગોઠવાય છે.

ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં,
કૃ, કે, કૅ, કેં, કૈ, કૈં, કો, કૉ, કોં, કૌ, કૌં,
ક્, ક ... ક્ય, ક્ર, ક્લ, ક્વ,

Date ______
Page ______

(४) શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે આને શબ્દોનો ક્રમ આગળ વધે છે.
ઉ. દા. - વિભાજન, વિભાજક
જ. - વિભાજક, વિભાજન

(૫) જે તે અક્ષરોમાં બારાક્ષરીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરોનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડનાર અક્ષરોનો ક્રમ પણ કક્કાવારી પ્રમાણેનો હોય છે. જેમકે, 'સ્ફોટક' શબ્દ પછી 'સ્મરણીય' શબ્દ આવે.
ઉ. દા. - વ્યાયામ, વ્યસ્ત, વ્યવહાર, વ્યસન
જવાબ. - વ્યવહાર, વ્યસન, વ્યસ્ત, વ્યાયામ.

(૬) 'ઍ' અને 'ઑ' જેવા સ્વરોનો કોશક્રમ 'એ' અને 'ઓ' પ્રમાણે જ નક્કી થાય છે.
નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.
* અસ્તિત્વ, સ્વચ્છ, પ્રવૃત્તિ, પ્રકૃતિ, વ્યવસ્થા, પ્રવેશ
જવાબ: અસ્તિત્વ, પ્રકૃતિ, પ્રવૃત્તિ, પ્રવેશ, વ્યવસ્થા, સ્વચ્છ.

૨૧૫

## સ્વાધ્યાય

• નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

(૧) સુંદર, સોંઘી, સચવ્યું, સોગાત, શરૂઆત, સ્વચ્છ
શરૂઆત, સચવ્યું, સુંદર, સોગાત, સોંઘી, સ્વચ્છ

(૨) આરવ, અનન્યા, ગુજરાતી, ઉનાળો, ઋતુ, પ્રકૃતિ
અનન્યા, આરવ, ઉનાળો, ઋતુ, ગુજરાતી, પ્રકૃતિ

Scanned with OKEN Scanner

(3) વૃક્ષ , વ્યસ્ત , વસંત , વાતાવરણ , વધામણી , વસતિ
વધામણી , વસતિ , વસંત , વાતાવરણ , વૃક્ષ , વ્યસ્ત

(4) પ્યાલો , પરિસ્થિતિ , નિર્ણય , અતિથિ , સત્તા , આલય
અતિથિ , આલય , નિર્ણય , પરિસ્થિતિ , પ્યાલો , સત્તા

(5) ચંદ્ર , આકાશ , પતંગ , પ્રાથમિક , પૂજા , ઉમંગ
આકાશ , ઉમંગ , ચંદ્ર , પતંગ , પૂજા , પ્રાથમિક

12/4/24

## સંયોજકના પ્રકાર

• જે પદ બે શબ્દોને બે શબ્દસમૂહોને કે બે વાક્યોને જોડવાનું કામ કરે છે તેને સંયોજક કહે છે.

ઉ.દા.
(૧) એ ગયો અને તમે આવ્યા.
(૨) જો તમે મારી વાત નહીં માનો તો મને મજા નહીં આવે.
(૩) તમે ત્યાંથી પુસ્તક લખી આપો અથવા ના પાડો.
(૪) આજે લંડની અને એસ. આઈ. બી. ની નોકરી સારી ગણાય છે.
(૫) હું અથવા મારો કોઈ માણસ આવશે.

• કેટલાક સંયોજક ફક્ત વાક્યને જોડવા માટે જ વાપરી શકાય છે.
→ જો - તો, જ્યાં - ત્યાં, જ્યારે - ત્યારે, તેથી, માટે, નહિંતર વગેરે

• જ્યારે કેટલાક સંયોજક પદને તેમજ વાક્યને કે પદસમૂહને જોડવા માટે પણ વપરાય છે.
→ ને, અને, તથા, તેમજ, પણ, અથવા, અર્થાત, વગેરે.

(૧) તમારું તેમજ મારું કહ્યું એણે માન્યું. (પદને જોડનાર)
(૨) તમે એને કહ્યું તેમજ મને પણ કહ્યું. (વાક્યને જોડનાર)

(૧) સમુચ્ચયવાચક સંયોજક -

→ 'ને', 'અને', 'તથા', 'તેમજ', 'વળી', 'ઉપરાંત' જેવાં સંયોજક બે શબ્દો કે બે વાક્યોના સમુચ્ચયનો એટલે કે એક - ઠાગણના અર્થને દર્શાવે છે.

(૧) રામ, સીતા અને લક્ષ્મણ વનમાં ગયાં.
(૨) ત્યાં આવજો તથા જમજો.

(2) વિકલ્પવાચક સંયોજક -

એમાંથી એકની પસંદગી કે વિકલ્પનો અર્થ સૂચવવા માટે 'અથવા', 'અથવાતો', 'કે' જેવા સંયોજક વપરાય છે.

(1) તમે આ સાડી લો કે ચોલી લો.
(2) ચાહો યા તિરસ્કારો.

(3) વિરોધવાચક સંયોજક -

'કિંતુ', 'તોપણ', 'છતાં', 'છતાંપણ', 'ઊલટું', 'બલકે' જેવા સંયોજક વાક્યોના અર્થને પરસ્પર વિરોધમાં મૂકી આપે છે.

(1) ગઢ મળ્યો પણ સિંહ ગયો.
(2) હું આવ્યો પણ તમે ન મળ્યા.

(4) અનુમાનવાચક સંયોજક -

'તેથી', 'એટલે', 'માટે', 'જેથી', જેવા સંયોજક અનુમાનરૂપ હકીકતનું કથન અને પાયારૂપ હકીકતનું કથન એમ બંને પ્રકારનાં વાક્યોને જોડે છે.

(1) તે બીમાર હશે તેથી શાળાએ આવ્યો નહીં હોય.
(2) મને મોડું થતું હતું માટે હું જલદીથી આવ્યો.

(5) સહસંબંધવાચક સંયોજક -

'જો - તો', 'જ્યારે - ત્યારે', 'જેમ - તેમ', 'જ્યાં - ત્યાં', આ જોડકાં સંયોજકો વડે શરત, સમય, સ્થળ વગેરેથી જોડાયેલાં વાક્યો બને છે.

(1) જો તમે ગાશો તો હું ગાઈશ.
(2) જ્યારે તમે આવશો ત્યારે હું આવીશ.
(3) જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા.

Scanned with OKEN Scanner

Date ______
Page ______

## પરિણામવાચક સંયોજક -

'એટલે', 'તેથી', 'એથી', 'માટે', 'ત્યાં' જેવા સંયોજક પાછળના વાક્યમાં પરિણામ દર્શાવે છે.

રાતદિવસ મહેનત કરી એટલે પાસ થયો.
ઈન્ટરવ્યુમાં સારો દેખાવ કર્યો તેથી નોકરી મળી.

## કારણવાચક સંયોજક -

'કારણ કે', 'કેમકે' જેવા સંયોજક પાછળના વાક્યમાં કારણ દર્શાવે છે.

તે જમી ન શક્યો કારણ કે તેને દાંતમાં દુખાવો હતો.
તે મૃત્યુ પામ્યો કેમ કે તેને કેન્સરનો રોગ હતો.

## દૃષ્ટાંતવાચક સંયોજક -

'જેમકે' જેવા સંયોજક પાછળના વાક્યમાં ઉદાહરણ દર્શાવવા માટે ઉપયોગમાં લેવાય છે.
અભિમાન વિનાશને નોંતરે છે, જેમકે રાવણ.

## પર્યાયવાચક સંયોજક -

'અર્થાત્', 'એટલે', 'એટલેકે' જેવા સંયોજક પદ કે વાક્યનો બીજા પદ કે વાક્યમાં અર્થ દર્શાવનાર છે.
સમર્પણ એટલે બલિદાન વિના સિદ્ધિ નથી.

## અવતરણવાચક સંયોજક -

'કે' સંયોજક પાછળના વાક્યમાં અવતરણ રજૂ કરનાર સંયોજક
ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો છે કે અહિંસાનું પાલન કરો.

Scanned with OKEN Scanner

Date ______
Page ______

# સ્વાધ્યાય

• આપેલા વાક્યોના સંયોજકના પ્રકાર જણાવો.

(૧) તમે આ ચોપડી લો અથવા પેલી લો. વિકલ્પવાચક સંયોજક

(૨) જ્યારે હું ઘરે આવી ત્યારે મારા મમ્મી બહાર ગયા.
સહસંબંધવાચક સંયોજક

(૩) આપણે અહિંસાના માર્ગે ચાલવું જોઈએ, જેમકે ગાંધીજી.
દૃષ્ટાંતવાચક સંયોજક

(૪) પેન, રબર અને પેન્સિલ પરિક્ષામાં જરૂરી છે.
સમુચ્ચયવાચક સંયોજક

(૫) તેને સવારે ઉઠવામાં મોડું થયું હશે તેથી આજે નહીં આવી હોય.
અનુમાનવાચક સંયોજક

Scanned with OKEN Scanner

# 1 મારો નાથ

**ચર્ચાના મુદ્દા :**


❀ પ્રકૃતિના તત્ત્વોને નીરખતાં ઉપજતું આશ્ચર્ય ❀ એક સમાન વાતાવરણ ❀ હવા ❀ પાણી, છતાં સ્થલે સ્થળે ફળો અને ફૂલોનાં સર્જન અલગ- અલગ કેમ ? ❀ ઋતુઓના બદલાવની સાથે બદલાતું પ્રકૃતિચિત્ર ❀ સર્જનહારની લીલા સમક્ષ મુગ્ધ ભાવ.

એ જ વાડીને એ જ બગીચો,
ફૂલવાડીમાં એ જ ખાતર - પાણી;
મારા નાથ ! આ કેવી નોખી નવાઈ !
સાવ સરખાં હવા-પાણી તો ય નોખી જુદાઈ !
છોડવાં નાનાં - નાનાં, ગુલાબ ને મોગરાની નોખી રંગછટા ;
ઝાડવાં મોટાં - મોટાં, બોરડીના બોર ખાટાં - મીઠાં,
ને વડને લાગ્યાં ટેટાં !
એ જ આભને સૂરજ - ચાંદો,
ચમકે - ચમકે તારલિયા નોખાં - નોખાં !
એ જ ખાતર ને ખેડ, વળી એ જ વા - વારિ,
અચરજ કેવાં દીઠાં !
દરિયે પાણી ને નદીએ નીર
લાગે ખારાં – મીઠાં;
એ જ વાદળ ને એ જ વરસાદ તો ય,
નીરનાં અમી શેં નોખાં - નોખાં !
સૂરજમુખી, કરેણ ને ગલગોટા હળદરીયા પીળચટ્ટા,



Scanned with OKEN Scanner

જૂઈ, ચમેલી, ચંપો, રાતરાણીનાં ફૂલોની
ફૂલવાડીએ ફોરમતી ગંધ માદકતા !
વનવગડે ગાજ - વીજે ચમકે, અંધારે તેજ - લિસોટા,
અંધારા એ જ તો ય ચમકે આગિયા નોખાં - નોખાં !
'કૃષક-વૃષભ' જોડ ઓરે કણ ને મબલખ મોલે,
'નાથ' દે છે આશિષ ખોબે - ખોબા!
દીનાનાથ કહું, વૈકુંઠનાથ કહું, દ્વારિકાનો નાથ કહું,
ચરણકમળમાં શીશ ઝુકાવીએ
અમે સઘળાં બાળ નોંખા - નોંખા !



કવિયત્રી : ડો. મોના સાગરભાઈ દીક્ષિત

## અભ્યાસ

### શબ્દાર્થ

Word Power

ખેતર = ખેત (Farm)
પવન = વાયુ, વા (Winds)
કૃષક = ખેડૂત (Farmer)
સૂરજ = રવિ, ભાસ્કર, ભાનુ, સૂર્ય (Sun)
ચાંદો = ચંદ્ર, ચાંદલિયો, શશી (Moon)
આભ = આકાશ, નભ, ગગન, વ્યોમ (Sky)
વારિ = પાણી, જળ, સલિલ, નીર (Water)
પીળચટ્ટા = પીળા રંગના (Yellow shade)
કણ = નાનો દાણો (Very small been)
ખાતર = ઉર્વરક (Fertilizer)
પાણી = આબ, જળ, નીર (Water)
વૃષભ = બળદ (Ox)



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| વીજ | = | વીજળી, દામિની, સૌદામિની (Sky lightning) |
| ગાજ-વીજ | = | વીજળીઓના કડાકા (Too much sky lightning) |
| ઓરું | = | વાવણી કરું (Sowing the seeds) |

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**૧. તમારી આસપાસ કુદરતનાં કયાં - કયાં દશ્યો જોવાથી તમને આશ્ચર્ય થાય છે ?**

અમારી આસપાસ કુદરતમાં જોવા મળતાં પહાડો, નદી, ઝરણાં, જંગલો, દરિયાકિનારો વગેરે જોતાં આશ્ચર્ય થાય છે પણ વધારે આશ્ચર્ય સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે આકાશમાં બદલાતાં રંગોને જોઈને થાય છે !

**૨. બગીચામાં ઊગતાં ફૂલોના રંગો જોઈ તમે શું વિચારો છો ?**

બગીચામાં ઊગતાં સૂરજમુખી, મોગરો, ચંપો, કરેણ, બારમાસી, જૂઈ, ચમેલી, પારિજાત વગેરે ફૂલોને જોઈને નવાઈ લાગે છે કે બધાં જ ફૂલોની રંગપસંદગી ઈશ્વરે કેવી સરસ કરી છે !

**૩. રાત્રે વીજળીઓના કડાકા-ભડાકા જોઈ તમને કેવો અનુભવ થાય છે ?**

કેટલીકવાર ચોમાસામાં વીજળીઓના ખૂબ જ વધારે કડાકા-ભડાકા થાય તો તે જોઈને ગભરાઈ જવાય છે ! પ્રચંડ અવાજો સાંભળીને ધ્રુજી પણ જવાય !

**૪. પ્રકૃતિના તત્વોને નીરખતાં આપણને કેવું-કેવું આશ્ચર્ય થાય છે ?**

પ્રકૃતિના તત્ત્વોને નીરખતાં મને એવું લાગે છે કે કુદરતમાં પ્રભુએ કેટલી બધી ઝીણવટભરી રચનાઓ કરી છે ! જંગલો અને વનો, ઠંડા પ્રદેશના એન્ટાર્કટિકા જેવાં પ્રદેશો, ખૂબ જ બરફ પડતો હોય તેવાં દેશો-પ્રદેશો, આપણા દેશ જેવી જુદી-જુદી ભૌગોલિક પ્રદેશોની સ્થિતિ વગેરેની રચના પ્રભુએ કેટલી સરસ કરી છે ! ક્યાંક રણપ્રદેશો છે તો ક્યાંક લીલાં ઘાસનાં મેદાનો છે ! પશુ અને પંખીઓ પણ કેવાં સરસ દેખાય છે. બધી જ ઋતુઓમાં આકાશમાં સૂરજ, ચંદ્ર અને તારાઓ કેવાં અલગ-અલગ દેખાય છે !

**૫. કવયિત્રી 'નાથ' ને શું કહે છે ?**

કવિતાના સંદર્ભમાં કવયિત્રીને કુદરતનાં તત્ત્વોને જોતાં ખૂબ જ આશ્ચર્ય થાય છે. 'નાથ'ને કહે છે કે તમારી કૃપા બધેય સરખી છે છતાંય પ્રકૃતિનાં બધાં જ તત્ત્વો કેટલાં બધાં જુદાં-જુદાં છે !

Scanned with OKEN Scanner

**૧. એક સૂરજ ને ચંદ્ર આકાશમાં દેખાય તેમ છતાં મોગરો અને ગુલાબની કેવી છટા જોવા મળે છે ?**

એક જ સૂરજ ને ચંદ્ર આકાશમાં દેખાય તેમ છતાં મોગરો અને ગુલાબની રંગછટા અલગ-અલગ જોવા મળે છે. ઉદાહરણ તરીકે મોગરો સફેદ અને ગુલાબ લાલ રંગનું જોવા મળે છે.

**૨. સૂરજમુખી, કરેણ અને ગલગોટાનાં ફૂલો કેવાં દેખાય છે ?**

સૂરજમુખી, કરેણ અને ગલગોટાનાં ફૂલો હળદરીયા પીળાં દેખાય છે. (પીળચટ્ટા)

**૩. બોરડીના ઝાડ પર પાકેલાં બોરની કેવી ગંધ વાતાવરણમાં મહેંકે છે ?**

બોરડીના ઝાડ પર પાકેલાં બોરની ખાટી-મીઠી ગંધ વાતાવરણમાં મહેંકે છે. બોરડીનાં ઝાડ પર ખાટાં-મીઠાં બોર હોવાથી આવી મહેંક (સુગંધ) વાતાવરણમાં પ્રસરે છે !

**૪. સમુદ્રનાં પાણીનો સ્વાદ અને નદીનાં નીરનો સ્વાદ કેવો-કેવો છે ?**

સમુદ્રનાં પાણીનો સ્વાદ ખારો અને નદીનાં નીરનો સ્વાદ મીઠો, અમીથી ભરપૂર છે.

**૨. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર આશરે ત્રણ-ચાર વાક્યોમાં લખો.**

**૧. કાવ્યના આધારે પ્રકૃતિમાં રહેલી વિશેષ વિવિધતાઓ ટૂંકમાં વર્ણવો.**

કુદરતનું સર્જન કરનાર 'મારા નાથ'ની લીલા અપરંપાર છે. એક જ વાડી, એક જ બગીચો હોવા છતાં ફૂલવાડીમાં ગુલાબ, મોગરો, કરેણ, ગલગોટા વગેરે જેવાં જુદાં-જુદાં ફૂલો જોવા મળે છે ! હવા-પાણી-ખાતર એક જેવાં જ હોવા છતાં વડ પરનાં ટેટાંનો સ્વાદ અને બોરડી પરનાં ખાટાં-મધુરાં બોરનો સ્વાદ અલગ-અલગ હોય છે. વળી વરસાદ એક-સમાન વરસે તોય દરિયાનાં પાણી ખારાં અને નદીનાં નીર અમીથી ભરપૂર જોવાં મળે છે.

ખેતરમાં ખેડ ખેડતાં ખેડૂતો-બળદો અલગ-અલગ અનાજની વાવણીઓ કરે તોય ઈશ્વર કણ-કણના બદલામાં 'મણ-મણ' જેટલું ઉગાડી આપે, મબલખ પાક ખેતરમાં લહેરાય એ ખરેખર અદ્‌ભૂત છે. અમે બાળકો જુદાં-જુદાં હોવા છતાં મન અંતરથી 'હે નાથ' – તમારો આભાર એક સમાન માનીએ છીએ.

**૨. ઈશ્વર સાથેનો પોતાનો નિકટનો સંબંધ કવયિત્રી કઈ પંક્તિ દ્વારા વ્યક્ત કરે છે ?**

"દીનાનાથ કહું, વૈકુંઠનાથ કહું, દ્વારિકાનો નાથ કહું, ચરણકમળમાં શીશ ઝુકાવીએ અમે સઘળાં બાળ નોખાં-નોખાં !"

**૩. આપણે 'કણ' વાવીએ તો ઈશ્વર આપણને કેટલું - કેટલું ઊગાડીને પાછું આપે છે ?**

આપણે 'કણ' વાવીએ તો ઈશ્વર આપણને 'મબલખ પાક' – અનાજ રૂપે ખેતરમાં ઉગાડીને આપણને આશિષ આપે છે.



Scanned with OKEN Scanner

૪. કાવ્યના સંદર્ભમાં, પ્રકૃતિના વિવિધ તત્ત્વોના સંબંધમાં 'નાથ' ની લીલાનું વર્ણન તમારા શબ્દોમાં લખો

પ્રકૃતિના તત્ત્વોના સંદર્ભમાં 'નાથની લીલા' ખરેખર અદ્ભૂત છે.

એક જ વાડીને એક જ બગીચો હોવા છતાંય ફૂલવાડીમાં જુદાં-જુદાં રંગના ફૂલો પોતાની સુગંધ ફેલાવે છે.

એક-સરખાં હવા-પાણી-ખાતર હોવા છતાં વડ પર લાલ રંગના 'ટેટા' બેસે છે અને બોરડીનાં ઝાડ પર ખાટાં-મીઠાં બોર પોતાની ખાટી-મીઠી સોડમ પ્રસરાવે છે. એક જ આકાશ હોવા છતાંય સૂરજ, ચંદ્ર અને તારા અલગ-અલગ સમયે પ્રકાશે છે. વરસાદ એકસમાન વરસવા છતાંય દરિયાનાં પાણી ખારાં અને નદીનાં પાણી અમી જેવાં-અમૃત સમાન મીઠાં હોય છે. અંધારે એક જેવી વીજળીઓના ચોમાસે કડાકા-ભડાકા ઘણાં-બધાં આગિયા જુદાં-જુદાં હોય છે. આપણે કણ વાવીએ તો 'નાથ' આપણને મણ-રૂપી મબલખ ઉગાડીને પાછું આપે છે, આપણા પર ઉપકાર કરે છે. નાથનો આભાર માનતાં અમે એક જેવી લાગણીઓ અનુભવતાં બાળકો કેવાં અલગ-અલગ કુટુંબમાંથી આવીને તમારા ચરણે વંદન કરીએ છીએ ! ઈશ્વરની લીલા- 'મારા નાથ'ની રચનાઓ ખરેખર નવાઈથી ભરેલી છે ! !

## ભાષાજ્ઞાન

**૧.સમાનાર્થી શબ્દો**

| | | | |
|---|---|---|---|
| પાણી | = જળ, સલિલ, આબ | આભ | = આકાશ, ગગન, નભ |
| સૂરજ | = સૂર્ય, ભાસ્કર, ભાનુ | વીજ | = વીજળી, વિદ્યુત, દામિની |

**૨. વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આભ | × | પાતાળ | અંધારું | × | અજવાળું |
| મોટું | × | નાનું | મીઠું | × | કડવું |

**૩. નીચે ધાર્મિક સ્થળોનાં ચિત્રો આપેલાં છે, તેની ઉપર આપેલા ખાનામાં જે તે ધાર્મિક સ્થળનું નામ લખો.**

મંદિર　　મસ્જિદ　　ગુરુદ્વારા　　ગિરિજાઘર (ચર્ચ)


Scanned with OKEN Scanner

# 2 બાળકોના બાપુ

**ચર્ચાના મુદ્દા :**

❀ ગાંધીજી આપણા 'રાષ્ટ્રપિતા' ❀ 'મહાત્મા'નું બિરુદ પામેલા ગાંધીજી સ્વાતંત્ર્યસંગ્રામના સૂત્રધાર ❀ 'બાળકો' સાથે ગાંધીજીનું સવિશેષ તાદાત્મ્ય ❀ બાળકો જેવાં જ નિર્દોષ અને સરળ વર્તન-વિચાર ❀ બાળકો સાથેની વાતચીતમાં ગાંધીબાપુનો ચીવટભર્યો આત્મીયભાવ ❀ પ્રેમ અને હૂંફ ❀ બાળમનોવિજ્ઞાનને સમજી તેમની સાથેનો વ્યવહાર ❀ વિચારોની સ્વચ્છતા અને વાણીમાં પારદર્શકતા.

બાળકો સાથે તદાકાર થઈ જવાની ગાંધીજીની નમ્રતા અદ્ભુત હતી. એક વાર ગાંધીજી દરિયાકિનારે ફરવા નીકળ્યા હતા. અંતેવાસી અને બાળમંડળી તો તેમની સાથે હોય જ. ફરતાં ફરતાં એક બાળકે ગાંધીબાપુની લાકડી પકડી ખેંચવા માંડી. લાકડીનો એક છેડો લઈ બાળક આગળ ચાલવા લાગ્યો. લાકડીનો બીજો છેડો પકડી ગાંધીજી તેની પાછળ હસતાં હસતાં જતા હતા. ગાંધીજીને જાણે તે બાળક દોરી રહ્યો હોય એવી છટાથી તે ચાલતો હતો. ચિરસ્મરણીય દૃશ્ય કોઈ ફોટોગ્રાફરે ઝડપી લીધું અને તેને પ્રસિદ્ધ કરતી વેળા તે ચિત્રનું નામ 'નેતાને પણ દોરનાર' રાખ્યું.





Scanned with OKEN Scanner

હરિજન યાત્રાના દિવસો દરમિયાન ગાંધીજી કંઈ મહત્ત્વનું લખાણ લખી રહ્યા હતા. પાસે જ હરિજન ફાળામાં મળેલી ચલણી નોટો, રૂપિયા, આના અને દાગીના વગેરે પડેલું હતું. તે દરમિયાન કોઈ બાળક તેની માતાથી વિખૂટું પડી ત્યાં આવી પહોંચ્યું. લખાણ છોડી બાળકને રમાડવા જેટલો સમય ગાંધીજી પાસે ન હતો. અને તે કંઈ ગાંધીજીના કાર્યમાં દખલ કરે કે રડે તેથી તેનું મન રમતમાં વાળવા માટે પાસે પડેલો એક સોનાનો દાગીનો ગાંધીજીએ બાળક તરફ ફેંક્યો. બાળકને રમકડું મળી ગયું. તે રમવા લાગ્યું. ગાંધીજીએ પોતાનું લખાણ ચાલુ રાખ્યું.

બાળકને શોધતી શોધતી મા બાપુના ઓરડામાં આવી. તેને સોનાના દાગીના સાથે રમતું જોઈ તે ગભરાઈને પાસે દોડી આવી. રખેને બાપુ ચિડાશે, એ વિચારે તે બાળક પાસેથી દાગીનો લઈ લેવા લાગી, પણ તેણે જાણ્યું કે એ ગાંધીજીએ રમવા આપ્યો છે ત્યારે તેના અચંબાનો પાર ન રહ્યો !

જ્યાં જ્યાં ગાંધીજી જતા ત્યાં ત્યાં બાળકો સાથે ગમ્મત કરવાનું ચૂકતા જ નહીં ! એક વાર ગાંધીજી એક શાળાની મુલાકાતે ગયા હતા. વર્ગના વિદ્યાર્થીઓ સાથે વિનોદ શરૂ કર્યો. વચ્ચે દૂરથી એક નાનો વિદ્યાર્થી કંઈક બોલ્યો. પણ શિસ્તપ્રેમી (! ) શિક્ષકની કરડી નજર તેના પર પડી એટલે તે શાંત થઈ ગયો. પણ ગાંધીજીએ તે જોઈ લીધું હતું. તેથી તેઓ સીધા જ પેલા વિદ્યાર્થી પાસે જઈને ઊભા રહ્યા અને બોલ્યા :

"તું મને બોલાવતો હતો ને ? ચાલ બોલ, શું કહેવું છે ? ગભરાઈશ નહીં હં."

બાળક – તમને પહેરણ કેમ પહેરતા નથી ? હું મારી બાને કહીશ કે તમને એક પહેરણ સીવી આપે. તમે મારી બાનું સીવેલું પહેરણ પહેરશો ?

ગાંધીજી – પહેરીશ. પણ મારી એક શરત છે. હું એકલો નથી. મારી સાથે કોઈ છે !

બાળક – પણ તમે કેટલા છો ? બાને હું બે સીવવાનું કહીશ.

ગાંધીજી – મારે તો દેશભરના ભાંડુઓ છે. એ બધાંના અંગ પહેરણથી ઢંકાય તો હું પહેરણ પહેરું. તારી બા દેશભરના લોકોના પહેરણ સીવી આપશે ?

એટલાં બધાં પહેરણ તો બા ક્યાંથી આપે ? એ વિચારે બાળક અવાક થઈ ગયો. પણ દરિદ્રનારાયણ પ્રત્યેની દયાથી દ્રવતું બાળકનું હૃદય ગાંધીજીએ ઓળખી લીધું. ગાંધીજીએ વહાલપૂર્વક તેની પીઠ થાબડી અને હસતાં હસતાં વર્ગ બહાર નીકળી ગયા.

કેવી મનને સ્પર્શ કરે તેવી સંવેદના ! !

ઘણી વાર મહત્ત્વના કામમાં મોટેરાઓ રોકાયેલા હોય છે અને બાળકની મુશ્કેલી તરફ કોઈ જોતું નથી. એવે સમયે પણ ગાંધીજી બાળકની મદદે પહોંચવાના જ !

એક વાર ગાંધીજી મહાબળેશ્વરમાં આરામ લઈ રહ્યા હતા. શ્રી દેવદાસ ગાંધી ત્યાં પોતાના બાળક સાથે ગાંધીજીને મળવા આવ્યા હતા. નેતાઓ પણ ત્યાં આવેલા હતા. સૌ પોતપોતાની ચર્ચામાં મશગૂલ હતા. કેટલાંક પોતપોતાના કામમાં પરોવાયેલાં પણ હતાં !



Scanned with OKEN Scanner

દેવદાસનો છોકરો પોતાની મેળે ગણિતના દાખલા કરતો હતો પણ તેને દાખલો આવડ્યો નહીં ! ત્યાંથી પસાર થતા મોટા મોટા માણસોને દાખલો શીખવવાનું પેલો છોકરો કહે પણ કોણ ધ્યાન આપે ?

અંતે તે ગાંધીજી પાસે ગયો અને બોલ્યો – બાપુ ! આટલાં માણસો છે પણ કોઈ દાખલો શીખવતું નથી. તમે શીખવશો ? બધાં પોતપોતાનાં કામ કરે છે.

ગાંધીજી કંઈક લખી રહ્યા હતા. પણ તેમનું પ્રેમાળ હૃદય બાળકને કેમ નકારી શકે ? તે બોલ્યા :

"તું આવ. મારી પાસે આવ. એ બધા મોટા માણસોને બહુ કામ હોય છે. તેં મને કેમ પૂછ્યું નહીં ? હવે તને કંઈ ન આવડે તો મારી પાસે આવજે. જોઉં તારું ગણિત."

પોતાનું લખાણ છોડી ગાંધીજી તેને દાખલો સમજાવવા લાગ્યા. બાળકના આનંદનો પાર ન રહ્યો !

ગાંધીજી બાળકો સાથે તાદાત્મય અનુભવી શકતા હતા. તેઓ બાળકો સાથે અલગ રીતે વાતચીત કરતા અને સમજાવતા હતા. ગાંધીજી માનતા હતા કે શિક્ષણ એટલે માત્ર અક્ષરજ્ઞાન નહીં, શિક્ષણ એટલે આજીવન ચાલતી પ્રક્રિયા. પ્રકૃતિની મહાશાળામાં બાળક જ્ઞાન, વિજ્ઞાન અને તત્વજ્ઞાનની સમજ મેળવે છે, જે તેના જીવનમાં સહાયક બની રહે છે.

ગાંધીજી ઇંગ્લેંડ ગયા ત્યારે તેઓ પરદેશી છે એવું અંગ્રેજ બાળકોને લાગ્યું ન હતું. તેઓ સંત ફ્રાન્સિસનાં કરુણા અને પ્રેમ તેમની આંખમાં જોઈ શક્યાં. 'ગાંધીકાકા'ના વહાલસોયા નામથી તેઓ તેમને સંબોધતાં અને તેમની પાસે દોડી આવતાં. ગાંધીજી વહેલી સવારે રસ્તા પર ફરવા નીકળતા, એવું બાળકોએ જાણ્યું ત્યારે તેઓ તેમનાં માબાપને કહેવા લાગ્યા – "ગાંધીકાકા અહીં ફરવા આવે છે. માટે અમને વહેલાં ઉઠાડજો. અમારે પણ તેમની સાથે ફરવા જવું છે." ગાંધીજી તેમને પણ અહિંસાની વાતો કરતા. એ સંદેશો બાળકો તેમનાં માબાપ પાસે લઈ જતાં અને તેમને કહેતાં : "હવે પછી તમે અમને મારશો નહીં. ગાંધીકાકા કોઈને પણ મારવાની ના કહે છે." પ્રેમનો અમર સંદેશો ઝીલતાં નિર્દોષ બાળકોને કંઈ વાર લાગે છે ? "વાઇસરૉયની મહેરબાનીથી સ્વરાજ નથી મળવાનું પણ બાળકોના હાસ્યથી સ્વરાજ જરૂર મળશે." ગાંધીજીના આ ઉદ્ગારમાં કેટલી યથાર્થતા રહેલી છે ! 'બાળકો એ પ્રભુના દેવદૂતો છે' - જાણેઅજાણે આ નિર્દોષતા અને સરળતા આપણને ગાંધીજી અને બાળકો સાથેના વ્યવહારમાં ચરિતાર્થ થતી જોવા મળે છે ! બાળકોમાં સર્જનાત્મકતાનો વિકાસ થાય તે હેતુથી તેમણે માતૃભાષામાં શિક્ષણને 'જીવનકેન્દ્રી પ્રગતિશીલ' બનાવવા પર ભાર મૂક્યો હતો. 'બાળકોના બાપુ' ને આજના યુગમાં યાદ કરતાં મન પવિત્રતા અને નિર્મળ આનંદથી ભરાય એ સ્વાભાવિક છે.

(સંક્ષિપ્ત સંકલન )



Scanned with OKEN Scanner

# અભ્યાસ

## શબ્દાર્થ

Word Power

શીતળ = ઠંડુ (Cool)

બાળમંડળી = બાળકોની મંડળી, બાળકો (Children)

તદાકાર = લીન, મગ્ન, તદનુરૂપ (Engrossed in, Totally devoted to)

નમ્રતા = વિનયપૂર્ણ વ્યવહાર (Modesty, Humbleness,)

અદ્દ્ભૂત = અલૌકિક (Wonderful)

અંતેવાસી = ગુરુની સાથે રહેતો શિષ્ય

શિસ્તપ્રેમી = નિયમ પાલનકર્તા, અનુશાસન પ્રિય (Disciplined, involves obeying particular rules or standards)

કરડી નજર = કડક વલણ અપનાવવું (Take strict observation/action)

તાદાત્મ્ય = એકરૂપતા (Uniformity)

હૃદયંગમ = મનને ગમે તેવું (Heart touching)

વહાલસોયા = અતિ પ્રિય, વહાલું (Beloved, dear)

## રૂઢિપ્રયોગ :

• idioms

કોઈને દોરી જવું = (પાછળ-પાછળ ચાલવાનું કહી) આગળ-આગળ કોઈને રસ્તો દેખાડવો.

અચંબાનો પાર ન હોવો = ખૂબ જ આશ્ચર્યચકિત થવું.

કરડી નજર કરવી = કોઈની તરફ ઈશારાથી કડક વલણ રાખવું, ગુસ્સાથી જોવું પીઠ થાબડવી - પ્રોત્સાહન આપવું, શાબાશી આપવી.



Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

શિક્ષક ગાંધીનગર સ્થિત 'મહાત્મા મંદિર'ની 'ઓડિયો-વીડિયો' વર્ગખંડમાં રજૂ કરશે.

નોંધ : (મહાત્મા મંદિર એક સંમેલન કેન્દ્ર અને સંગ્રહાલય છે જે ગુજરાત રાજ્યના ગાંધીનગર સેક્ટર ૧૩ માં સ્થિત છે.)

### લિખિત

**૧. નીચે આપેલા દરેક પ્રશ્નનો જવાબ એક વાક્યમાં લખો.**

**૧. બાળકો સાથે ગાંધીજીનું વર્તન કેવું રહેતું ?**

બાળકો સાથે ગાંધીજીનું વર્તન નમ્રતાપૂર્વકનું, આત્મીયતાથી ભરપૂર (તાદાત્મ્યવાળું)હતું.

**૨. લાકડીનો એક છેડો પકડી બાળકે શું કર્યું ?**

લાકડીનો એક છેડો પકડી બાળકે ગાંધીજીની આગળ-આગળ ચાલવા માંડ્યું.

**૩. ફોટોગ્રાફરે ચિરસ્મરણીય દશ્ય જોઈને ચિત્રનું નામ શું રાખ્યું ?**

ફોટોગ્રાફર ચિરસ્મરણીય દશ્ય જોઈને ચિત્રનું નામ 'નેતાને પણ દોરનાર' રાખ્યું.

**૪. હરિજન યાત્રાના દિવસો દરમિયાન, બાળકનું મન રમતમાં વાળવા માટે ગાંધીજીએ શું કર્યું ?**

હરિજન યાત્રાના દિવસો દરમ્યાન બાળકનું મન રમતમાં વાળવા માટે ગાંધીજીએ બાળકને સોનાનો દાગીનો રમવા માટે આપ્યો.

**૫. બાપુ 'પહેરણ' પહેરે તે માટે બાળકે શું વિચાર્યું ?**

બાપુ 'પહેરણ' પહેરે તે માટે બાળકે વિચાર્યું કે તે તેની માતાને બાપુ માટે એક પહેરણ સીવી આપવાનું જણાવશે.

**૬. ગાંધીજી મહાબળેશ્વરમાં આરામ લઈ રહ્યા હતા ત્યારે ત્યાં પોતાના બાળક સાથે કોણ મળવા માટે આવ્યા હતા ?**

ગાંધીજી એકવાર મહાબળેશ્વરમાં આરામ લઈ રહ્યા હતા ત્યારે શ્રી દેવદાસ ગાંધી ત્યાં પોતાના બાળક સાથે મળવા આવ્યા હતા.



**૭. 'બાળકોના બાપુ' ને યાદ કરતાં મન શેનાથી ભરાય છે ?**

બાળકોના બાપુને આજના યુગમાં યાદ કરતાં મન પવિત્રતા અને નિર્મળ આનંદથી સ્વાભાવિક રીતે ભરાય જાય છે.

Scanned with OKEN Scanner

**૨. નીચેના દરેક પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (આશરે પાંચથી છ વાક્ય)**

**૧. હરિજન યાત્રા દરમિયાન માતાથી વિખૂટા પડેલા બાળકનું મન રમતમાં વાળવા માટે ગાંધીજીએ શું કર્યું ?**

હરિજન યાત્રાના દિવસો દરમ્યાન ગાંધીજી કંઈક મહત્ત્વનું લખાણ લખી રહ્યા હતાં. તેમની પાસે જ હરિજન ફાળામાં મળેલી ચલણી નોટો, રૂપિયા, આના અને દાગીના વગેરે પડેલું હતું. ત્યાં માતાથી છૂટું પડી ગયેલું બાળક ત્યાં આવી પહોંચ્યું. બાળકનું મન રમતમાં વાળવા માટે ગાંધીજીએ બાળકને એક સોનાનો દાગીનો રમવા માટે આપ્યો. બાળકને જાણે રમકડું મળી ગયું હોય તેમ તે રમવા લાગ્યું ! આમ, બાળકનું મન રમતમાં વાળવા માટે ગાંધીજીએ એ રાજી રહે તેવું કાર્ય કર્યું.

**૨. હૃદયમાં દરિદ્રનારાયણ પ્રત્યેની દયાથી ભરપૂર બાળક અને ગાંધીજીનો સંવાદ તમારા શબ્દોમાં લખો.**

સંવાદ :

બાળક – તમે પહેરણ કેમ પહેરતા નથી ? હું મારી બાને કહીશ કે તમને એક પહેરણ સીવી આપે. તમે મારી બાનું સીવેલું પહેરણ પહેરશો ?

ગાંધીજી – પહેરીશ. પણ મારી એક શરત છે. હું એકલો નથી. મારી સાથે કોઈ છે !

બાળક – પણ તમે કેટલા છો ? બાને હું બે સીવવાનું કહીશ.

ગાંધીજી – મારે તો દેશભરના ભાંડુઓ છે. એ બધાંના અંગ પહેરણથી ઢંકાય તો હું પહેરણ પહેરું. તારી બા દેશભરના લોકોના પહેરણ સીવી આપશે ?

**૩. ગાંધીજી જ્યારે ઈંગ્લેન્ડ ગયા ત્યારે તેઓ પરદેશી છે તેવું અંગ્રેજી બાળકોને શાથી ન લાગ્યું ?**

ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા ત્યારે તેઓ પરદેશી છે એવું અંગ્રેજ બાળકોને ન લાગ્યું કારણ કે તેઓ સંત ફ્રાન્સિસની કરુણા અને પ્રેમને તેમની આંખોમાં જોઈ શક્યાં. 'ગાંધીકાકા'ના વહાલસોયા નામથી તેઓ તેમને સંબોધતાં. અહિંસા અને પ્રેમનો અમર સંદેશો ગાંધીજી તરફથી બાળકો ઝીલતાં.



## ભાષાજ્ઞાન

**૧.સમાનાર્થી શબ્દો**

| | | | |
|---|---|---|---|
| સમુદ્ર | = દરિયો | ઓરડો | = ખંડ |
| બાળક | = બાળ | લાકડી | = છડી |
| વિદ્યાર્થી | = છાત્ર | | |

**૨. વિરોધી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આગળ | × | પાછળ | પાસે | × | દૂર |
| કરુણા | × | નિર્દયતા | નિર્દોષ | × | દોષી |
| હસવું | × | રડવું | શાંત | × | અશાંત |
| પ્રેમ | × | નફરત | | | |

Scanned with OKEN Scanner

## વાર્તાલેખન

ધ્યાનમાં રાખવાની બાબતો -
આરંભ , મધ્ય અને અંત વિચારી લો
વાર્તા બરાબર સમજો
મુદ્દાને ધ્યાનમાં રાખો.
ટૂંકા અને સરળ વાક્યો.
વાર્તાને અનુરૂપ ફકરા
રૂઢિપ્રયોગ અને કહેવતોનો ઉપયોગ
ભૂતકાળમાં વાર્તા લખો
યોગ્ય શીર્ષક
બોધ
જોડણી અને વિરામચિહ્નો

મુદ્દા - એક નાનકડું ગામ - યુવાનો ખૂબ ભણેલા - વૃદ્ધો વ્યવહારકુશળ - ગામમાં તહેવારોની ઉજવણી સંપથી - જાનમાં વૃદ્ધોને ન લઈ જવાનો નિર્ણય - એક જાનમાં માત્ર યુવાનો - કન્યાપક્ષના વડીલોની શરત - જવાબ આપો તો જ કન્યા પરણાવીએ - 'ગામનું તળાવ ઘીથી ભરી આપો' - યુવાનોને ચિંતા - છુપી રીતે જાનમાં આવેલા વૃદ્ધનો જવાબ - 'પહેલાં તળાવ ખાલી કરી આપો' - કન્યાપક્ષે કહેવડાવ્યું , જાનમાં કોઈ વૃદ્ધ જરૂર આવ્યાં હશે - બોધ.

### ઘરડાં ગાડાં વાળે / વ્યવહારકુશળ વૃદ્ધો

એક નાનકડું ગામ હતું. તે ગામનાં યુવાનો ખૂબ ભણેલાં હતા અને વૃદ્ધો વ્યવહારકુશળ હતા. ગામનાં નાનાં મોટાં પ્રસંગ સૌ સાથે મળીને કરતાં. તહેવારોની ઉજવણી પણ બધાં સાથે મળીને સંપથી કરતાં.

Scanned with OKEN Scanner

Date ______
Page ______

એક વાર ભણેલાં યુવાનોને પોતાની વિદ્યાનું ઘમંડ થયું. તેઓએ વૃદ્ધોને જાનમાં ન લઈ જવાનો નિર્ણય કર્યો.

એક જાનમાં માત્ર યુવાનો જ ગયા. કન્યા પક્ષના વડીલોને તેની જાણ થઈ. તેઓએ જાનમાં આવેલા યુવાનોનું અભિમાન ઉતારવાનો નિર્ણય કર્યો. તેઓએ જાનૈયાઓને જણાવ્યું, "ગામનું તળાવ ઘીથી ભરી આપો તો જ અમે કન્યા પરણાવીએ."

યુવાનો વિચારમાં પડી ગયાં. ગામનું તળાવ ઘીથી ભરાય એટલું ઘી લાવવું ક્યાંથી? યુવાનોને ચિંતા કરતાં જોઈ છુપી રીતે જાનમાં આવેલા વૃદ્ધે યુવાનોને જણાવ્યું, "પહેલા કન્યા પક્ષના વડીલોને તળાવ ખાલી કરી આપવાનું કહો."

યુવાનોએ કન્યા પક્ષના વડીલોને જણાવ્યું, "પહેલા તળાવ ખાલી તો કરી આપો. પછી અમે તળાવ ઘીથી ભરી દઈશું".

જાનૈયાઓનો જવાબ સાંભળી કન્યા પક્ષના વડીલોને સમજાય ગયું કે જાનમાં કોઈ વૃદ્ધ જરૂર હશે.

બોધ - આ વાર્તા પરથી બોધ મળે છે કે આપણે વડીલોનો અનાદર કરવો જોઈએ નહીં. તેમના અનુભવ અને ડહાપણનો લાભ લેવો જોઈએ.

6/4
good

પ્રકૃતિનો હાસ્ય અને તાંડવ" વિષય પર નિબંધ લખવા માટે નીચેના મુદ્દાઓ ઉપયોગી રહેશે:

૧. પ્રસ્તાવના

પ્રકૃતિ આપણું જીવન સુંદર બનાવે છે.
ક્યારેક પ્રકૃતિ હસતી અને શાંત લાગે છે, તો ક્યારેક ઉગ્ર રૂપ ધારણ કરે છે.

૨. પ્રકૃતિનું હાસ્ય (સૌમ્ય રૂપ)

સવારનો સૂર્યોદય અને ઠંડી પવન.
ફૂલોની સુગંધ અને રંગીન બગીચા.
પક્ષીઓનો મધુર કલરવ.
નદીઓનું શાંત વહેણ.
વરસાદ પછીનું હરિયાળું દૃશ્ય.

૩. પ્રકૃતિનું તાંડવ (ઉગ્ર રૂપ)

ભારે વરસાદ અને પૂર.
વાવાઝોડા અને તોફાની પવન.
ભૂકંપ અને ધરતીકંપ.
વીજળીના કડાકા-ભડાકા.
જંગલમાં આગ અથવા તોફાની દરિયો.

૪. માણસ પર અસર

પ્રકૃતિનું હાસ્ય માણસને આનંદ અને શાંતિ આપે છે.
પ્રકૃતિનું તાંડવ ક્યારેક નુકસાન અને ભય પેદા કરે છે.

૫. પ્રકૃતિ સાથેનો સંબંધ

માણસે પ્રકૃતિનો સન્માન કરવો જોઈએ.
પર્યાવરણનું સંરક્ષણ કરવું જરૂરી છે.

૬. ઉપસંહાર

પ્રકૃતિના બે રૂપ છે: હાસ્ય અને તાંડવ.
બંનેમાંથી આપણે શીખવું જોઈએ અને પ્રકૃતિ સાથે સંતુલન રાખવું જોઈએ.

3:43 PM

Scanned with OKEN Scanner

વન મહોત્સવ પર નિબંધ માટે મુદ્દાઓ (Points) અને નિયમબંધ (Structure) 🌳🌿

૧. નિયમબંધ (નિબંધનું બંધારણ)

૧. પ્રસ્તાવના

વૃક્ષો પ્રકૃતિનો અમૂલ્ય ખજાનો છે.
પર્યાવરણનું સંતુલન જાળવવા વૃક્ષો ખૂબ જરૂરી છે.

૨. વન મહોત્સવ શું છે?

વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા માટે ઉજવાતો ઉત્સવ.
સામાન્ય રીતે દર વર્ષે જુલાઈ મહિનામાં ઉજવાય છે.

૩. વન મહોત્સવની શરૂઆત

ભારતમાં આ ઉત્સવની શરૂઆત K. M. Munshi દ્વારા 1950માં કરવામાં આવી.
લોકોમાં વૃક્ષો વાવવા અંગે જાગૃતિ લાવવાનો હેતુ.

૪. વન મહોત્સવ કેવી રીતે ઉજવાય છે?

શાળાઓ, ગામો અને શહેરોમાં વૃક્ષારોપણ.
વિદ્યાર્થીઓ દ્વારા રેલી, ભાષણ અને કાર્યક્રમો.
લોકોમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીનું સંદેશ.

૫. વૃક્ષોના ફાયદા

શુદ્ધ હવા આપે છે.
વરસાદ લાવવામાં મદદ કરે છે.
પ્રાણીઓ અને પક્ષીઓ માટે આશ્રયસ્થાન.
જમીનનું ધોવાણ અટકાવે છે.

૬. ઉપસંહાર

દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવું જોઈએ.
વન મહોત્સવ માત્ર એક દિવસનો નહીં, પણ સતત ચાલતો સંકલ્પ હોવો જોઈએ.

3:45 PM

Scanned with OKEN Scanner

પાણી બચાવો, જીવન બચાવો" – નિબંધ માટે મુદ્દાઓ 💧🌍

૧. પ્રસ્તાવના

પાણી જીવન માટે અત્યંત જરૂરી છે.
પાણી વગર માણસ, પ્રાણી અને છોડનું જીવન શક્ય નથી.

૨. પાણીનું મહત્વ

પીવા, રસોઈ, ખેતી અને સફાઈ માટે પાણી જરૂરી છે.
નદીઓ, તળાવો અને વરસાદ પાણીના મુખ્ય સ્ત્રોત છે.

૩. પાણીની અછતનું કારણ

વધતી વસ્તી.
પાણીનો બગાડ.
વરસાદ ઓછો પડવો.
પ્રદૂષણ અને વૃક્ષોની કાપણી.

૪. પાણી બચાવવાના ઉપાયો

નળ ખુલ્લો ન રાખવો.
વરસાદનું પાણી સંગ્રહ કરવું.
વૃક્ષો વાવવું.
પાણીનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો.

૫. પાણી બચાવવાનું મહત્વ

ભવિષ્ય માટે પાણી બચાવવું જરૂરી છે.
પાણી બચાવવાથી પર્યાવરણનું સંતુલન જળવાય છે.

૬. ઉપસંહાર

દરેક વ્યક્તિએ પાણી બચાવવાનો સંકલ્પ કરવો જોઈએ.
"પાણી બચાવો, જીવન બચાવો" એ આપણું

3:47 PM

Scanned with OKEN Scanner

"પ્રદૂષણ – એક સર્વત્રિક સમસ્યા" નિબંધ માટે મુખ્ય મુદ્દાઓ 🌍🌫️

૧. પ્રસ્તાવના

પ્રદૂષણ આજના યુગની મોટી સમસ્યા છે.
તે સમગ્ર વિશ્વને અસર કરતી સમસ્યા છે.

૨. પ્રદૂષણનો અર્થ

હવા, પાણી અને જમીન ગંદી થવી તેને પ્રદૂષણ કહે છે.
પ્રદૂષણથી પર્યાવરણ અસ્વસ્થ બને છે.

૩. પ્રદૂષણના પ્રકાર

હવા પ્રદૂષણ
પાણી પ્રદૂષણ
જમીન પ્રદૂષણ
ધ્વનિ (Noise) પ્રદૂષણ

૪. પ્રદૂષણના કારણો

કારખાનાઓ અને વાહનોમાંથી નીકળતો ધુમાડો.
કચરો અને ગંદકી.
રસાયણો અને પ્લાસ્ટિકનો વધુ ઉપયોગ.
વૃક્ષોની કાપણી.

૫. પ્રદૂષણના નુકસાન

માણસના આરોગ્ય પર ખરાબ અસર.
શ્વાસ અને બીમારીઓ વધે છે.
પ્રકૃતિ અને જીવસૃષ્ટિને નુકસાન.

૬. પ્રદૂષણ અટકાવવાના ઉપાયો

વૃક્ષો વાવવાં.
કચરો યોગ્ય જગ્યાએ નાખવો.
પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવો.
પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવી.

૭. ઉપસંહાર

પ્રદૂષણ સમગ્ર વિશ્વ માટે ખતરનાક છે.
દરેક વ્યક્તિએ પર્યાવરણ બચાવવા પ્રયત્ન કરવો જોઈએ. 🌱🌍

3:49 PM

Scanned with OKEN Scanner